# બી. એડ્ ના તાલીમાર્થીઓમાં મૂલ્ય કેળવણીનો પસંદિત ચલોના સંદર્ભમાં અભ્યાસ

પ્રા. નયનાબેન ટી. શુકલ
શ્રીમતિ એસ. આઈ. પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજયુકેશન,પેટલાદ

વર્તમાન સમયે ગળાકાપ હરિફાઈ, ભ્રષ્ટાચાર, અત્યાચાર, આંદોલનો, તોફાનો તેમજ 'મૂલ્ય' શબ્દનો હાસ થતો જોવા મળે છે. લાગણીઓની આ સંવંદનાને દૂર કરવા આવા સમયે મૂલ્ય કેળવણી ખૂબ જ આવશ્યક છે. આવી મૂલ્ય કેળવણીના અભ્યાસ માટે ઘર અને શાળાનો ફાળો અગ્રીમ છે. એમાં પણ શાળાની ભૂમિકા અતિ મહત્વની છ ઘણા ખરા લોકો મૂલ્ય શબ્દનો સાચો અર્થ જ સમજી શકતા નથી.

સાચા અર્થમાં જોઈએ તો મૂલ્ય એટલે વ્યકિતને આદર્શ જીવન જીવવાની કળા. આદર્શ જીવન ઘડતરમાં મૂલ્યોનો ફાળો અતિ મહત્ત્વનો અને પાયારૂપ છે. ભારત જેવા વિકાસશીલ દેશમાં સામાજીક સ્તરે ઘણી બધી દુઃખદ ઘટનાઓ, સમસ્યાઓ બનતી જોવા મળે છે. માનવીના જીવનમાં જયારે સારા કે ખોટા વચ્ચેનો ભેદ પારખવાની કે સમજવાની આવડત ન કેળવાઈ હોય ત્યારે જ આવા બધા દૂષણો જોવા મળે છે. આ બધા દૂષણો પાછળ કારણરૂપ હોય તો તે છે મૂલ્ય કેળવણીનો અભાવ. મૂલ્યોના આ અભાવથી વ્યકિત–વ્યકિત, રાષ્ટ્ર–રાષ્ટ્ર અને બે સમાજ વચ્ચે વિવિધ સમસ્યાઓ સર્જાય છે. પ્રસ્તુત સંશોધનમાં બી. એડ્ના તાલીમાર્થીઓમાં રહેલી મૂલ્યે કેળવણીનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

૨. સમસ્યા શીર્ષક
બી. એડ્ના તાલીમાર્થીઓની મૂલ્ય કેળવણીનો પસંદિત ચલોના સંદર્ભમાં અભ્યાસ

૩. હેતુઓ
૧. પ્રસ્તુત અભ્યાસ નીચેના હેતુઓને ધ્યાનમાં રાખીને હાથ ધરવામાં આવેલ છે.
૨. બી. એડ્ના તાલીમાર્થીઓમાં રહેલ મૂલ્ય કેળવણી જાણવી.
૩. વિજ્ઞાન પ્રવાહના તાલીમાર્થીઓમાં રહેલી મૂલ્ય કેળવણી જાણવી.
૪. સામાન્ય પ્રવાહના તાલીમાર્થીઓમાં રહેલી મૂલ્ય કેળવણી જાણવી.
૫. જાતિ (સ્ત્રી–પુરુષ) ના સંદર્ભમાં બી. એડ્ ના તાલીમાર્થીઓની મૂલ્ય કેળવણીની તુલના કરવી.

૪. સીમાંકન
૧.પ્રસ્તુત અભ્યાસ માત્ર બી. એડ્ તાલીમાર્થીઓના સંદર્ભમાં જ કરવામાં આવેલ છે.
૨.પ્રસ્તુત અભ્યાસ શ્રીમતી એસ.આઈ. પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજયુકેશન, પેટલાદના વર્ષ ૨૦૧૪–૧૫ ના તાલીમાર્થીઓ પૂરતો જ સીમિત રાખવામાં આવેલ છે.

૫. નમૂનો
પ્રસ્તુત અભ્યાસનો નમૂનો યાદચ્છિક સ્તરીકૃત પધ્ધતિથી પસંદ કરવામાં આવ્યો છે. અને પ્રવાહ અને જાતિ જેવા ચલો પસંદ કરવામાં આવેલા છે. નમૂના તરીકે કુલ ૯૦ તાલીમાર્થીઓને પસંદ કરવામાં આવેલ છે.

૬. પધ્ધતિ
પ્રસ્તુત અભ્યાસમાં સર્વેક્ષણ પધ્ધતિ હાથ ધરવામાં આવેલ છે.

૭. ઉપકરણ
પ્રસ્તુત અભ્યાસની મૂલ્ય કેળવણીની માહિતી પ્રાપ્ત કરવા માટે સંશોધક ધ્વારા જુદા–જુદા મૂલ્યો આધારિત ૩૦ વિધાનોવાળા કસોટીની રચના કરવામાં આવી હતી, જેમાં વ્યકિતગત, સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, નૈતિક, આધ્યાત્મિક, બિનસાંપ્રદાયિક અને સહઅસ્તિત્વ જેવા મૂલ્યોને ધ્યાનમાં રાખીને વિધાનો રચવામાં આવેલ છે.

૮. આંકડાશાસ્ત્રીય પ્રયુકિત
પ્રસ્તુત અભ્યાસમાં મેળવેલી માહિતીના આધારે પ્રતિશત પ્રવિધિ ધ્વારા માહિતીનું પૃથ્થકરણ અને અર્થઘટન કરવામાં આવેલ છે.

૯. નિષ્કર્ષ/તારણો
(૧) વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના તાલીમાર્થીઓમાંથી સામાન્ય પ્રવાહના તાલીમાર્થીઓમાં મૂલ્ય કેળવણીની ટકાવારી વધારે જોવા મળી.
(૨) વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ (કોમર્સ)ના તાલીમાર્થીઓમાં મૂલ્ય કેળવણી સમાન જોવા મળી.
(૩) પુરૂષ તાલીમાર્થીઓ અને સ્ત્રી તાલીમાર્થીઓની મૂલ્ય કેળવણીમાં સ્ત્રી તાલીમાર્થીઓમાં મૂલ્ય કેળવણી વધારે જોવા મળી.
(૪) વિજ્ઞાન પ્રવાહના તાલીમાર્થી ભાઈઓ અને બહેનોમાં મૂલ્ય કેળવણી બહેનોમાં વધારે જોવા મળી.
(૫) સામાન્ય પ્રવાહના તાલીમાર્થી ભાઈઓ અને બહેનોમાં મૂલ્ય કેળવણી ભાઈઓમાં વધારે જોવા મળી.
(૬) વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહના તાલીમાર્થીઓમાં ભાઈઓ અને બહેનોમાં સાંસ્કૃતિક મૂલ્યનું પ્રમાણ ખૂબ જ નહિવત જોવા મળ્યું.

૧૦. સૂચનો
બી. એડ્ના તાલીમાર્થીઓમાં મૂલ્ય કેળવણી વધારવા માટે નીચેના સૂચનો અમલમાં મૂકવા જોઈએ.
(૧)'મૂલ્ય' નો વ્યવહારૂ અને શાબ્દિક અર્થ સમજાવી જીવનમાં તેનું મહત્વ શું છે ? તે પ્રાથમિક કક્ષાએથી જ શીખવવું જોઈએ.
(૨) મૂલ્યો અંગેની સભાનતાથી જીવન કેટલું સરળ અને સફળ બની શકે છે. તેની સમજ કેળવાય તે માટે વિવિધ મૂલ્યનિષ્ઠ વ્યકિતઓની મુલાકાત, પ્રવચન કે પ્રવાસ, પર્યટનનું આયોજન કરવું.
(૩)જ્ઞાન સાથે ગમ્મત પ્રાપ્ત થાય તેવા મનોરંજનના સાધનોથી અને એવા વિવિધ આયોજનોથી મૂલ્ય કેળવણી અંગે જાગૃતતા કેળવવી.
(૪) ઘરના વડીલોના અનુભવો, વાતો, સંતોના જીવન ચરિત્રની વાતો પરિવાર સાથે કરવી. બાળકો માટે તો આ વિષય માટે ખાસ સમય ફાળવવો.
(૫) સરકારશ્રી તરફથી આ માટે નિ:શુલ્ક કાર્યક્રમો હાથ ધરાવવા જોઈએ.

(૬) મૂલ્યો પ્રતિ આદર કેળવાય તે માટે લોકોનું ધ્યાન દોરાય તેવી રીતે જાહેર સ્થળોએ સૂત્રો, બેનર કે બોર્ડ લગાવી શકાય.
(૭) વિવિધ પ્રસારણ માધ્યમો ધ્વારા મૂલ્ય કેળવણી ઉપર ભાર મૂકાવો જોઈએ.
(૮) દરેક વિદ્યાર્થીને નાગરિકતાના હકો અને ફરજોનું ભાન કરાવવું જોઈએ.

સંદર્ભ પુસ્તકો

૧. આચાર્ય મોહિની (૨૦૦૮). શિક્ષણમાં અભ્યાસનું પધ્ધતિશાસ્ત્ર, અક્ષર પબ્લિકેશન, અમદાવાદ.
૨. દેસાઈ એસ. જી. અને દેસાઈ (૧૯૯૨). સંશોધન પધ્ધતિ અને પ્રવિધિઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
૩. પ્રજાપતિ આર. કે. (૨૦૧૧). મૂલ્ય શિક્ષણ, ગુર્જર સાહિત્ય પ્રકાશન, અમદાવાદ.
૪. શાસ્ત્રી જે. ડી. (૧૯૯૦). શિક્ષણની તાત્વિક અને સમાજશાસ્ત્રીય, આધારશીલાઓ, બી.એસ. શાહ પ્રકાશન, અમદાવાદ.